# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ‘‘વિજેતા’’ પ્રાર્થના કેલેન્ડર - મે, ૨૦૨૩

### પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) ઈશ્વરીય બાબત : પ્રિય ઈશ્વર, હું તમને મારા પ્રભુ અને મારા ઈશ્વર તરીકે સ્વીકારું છું. હું આભારી છું કે તમે હંમેશા મારા માટે માર્ગ બનાવો છો. માર્ગમાં દોરવા માટે મને સતત તમારી તરફ જોવાનું કારણ આપો. જ્યારે કોઈ માર્ગ જણાતો ન હોય ત્યારે પણ તમે માર્ગ કાઢશો તેવો મને તમારા પર વિશ્વાસ છે. તમે જ્યાં પણ દોરી શકો ત્યાં મને હિંમતથી વિશ્વાસથી બહાર નીકળવાની કૃપા આપો. (યશાયા ૪૩ઃ૧૯)

(૨) ડરશો નહીં : વ્હાલા ઈસુ, હું તમારી ઈચ્છાને આધીન થાઉં છું. મને તમારા પર વિશ્વાસ છે કે તમે મને સાચા માર્ગ પર લઈ દોરશો. જ્યારે મને ભય લાગે છે ત્યારે તમે મારા પાળક છો એ મને યાદ કરાવો છો. મને સંઘર્ષની વચ્ચે હિંમતવાન બનાવો. હું તમારામાં સુરક્ષિત છું. તેથી મને કોઈ ભૂંડાઈનો ભય નથી. (ગી.શા. ૨૩ઃ૪)

(૩) ઈશ્વરનું સારું કાર્ય : હે ઈશ્વર, અગાઉ હું મારા જીવનની બધી બાબતોમાં વ્યસ્ત હતો. પછી મેં તમારા તરફથી મારી દૃષ્ટિ દૂર કરી અને તમે મારા માટે જે કંઈ કર્યું છે તેનાથી અજાણ થઈ ગયો, પરંતુ હવે હું જાણું છું કે મારા કાર્યો ક્યારેય સંતોષકારક નથી, તેથી હું તમારી સલાહની રાહ જોઉં છું. મને વિશ્વાસ છે કે તમે મારા દ્વારા તમારા સારા કાર્યો પૂરા કરશો. (ગી.શા. ૧૦૬ઃ૧૩)

(૪) વિશ્વાસ કરવો એ સારું છે : પ્રિય ઈશ્વર, એકવાર મેં વિચાર્યું કે જોવું એ વિશ્વાસ છે, પરંતુ તમારો માર્ગ હંમેશા વિશ્વાસ દ્વારા કૃપાથી છે. હવે મને સમજાયું કે જ્યારે હું માનું છું, ત્યારે હું જોઉં છું. પ્રભુ, મને વિશ્વાસની કૃપા આપો, જેથી હું તમારા પર વિશ્વાસ કરી શકું અને મારી જાતને જોઈ શકું. મારા વિશ્વાસને દૃષ્ટિ બનાવવા માટે તમારો આભાર. (માર્ક ૯ઃ૨૪)

(૫) ઈશ્વરનો મજૂર : વ્હાલા પ્રભુજી, હું તમારો મજૂર છું. હું સમજુ છું કે મારા શ્રમનો સ્ત્રોત તમારા તરફથી હોવો જોઈએ. તેથી મને વિશ્વાસ છે કે તમે મારા દ્વારા કાર્ય કરશો. મને મારા વિશ્વાસમાં અડગ રહેવાની અને તમારામાં અચળ રહેવાની કૃપા આપો. તમારી સાથે એકતામાં મારી મહેનત ક્યારેય વ્યર્થ નહીં જાય એ બતાવવા બદલ તમારો આભાર. (૧ કરિંથી ૧૫ઃ૫૮)

(૬) હોંશિયાર અને નિર્દોષ : ‘‘માટે તમે સાપ જેવા હોંશિયાર અને કબૂતર જેવા સાલસ થાઓ.’’ (માથ્થી ૧૦ઃ૧૬) જે રીતે સાપ તેના માથાની સંભાળ રાખે છે અને ઝડપથી અને ચોક્કસ હુમલો કરે છે તે જ રીતે આપણાં મન અને હૃદયને હંમેશા ઈશ્વરની ઈચ્છા અને સમય સાથે સુસંગત રહેવાની જરૂર છે. પ્રાર્થના કરો કે તમારી નમ્ર અને અધિકૃત સાક્ષી ખ્રિસ્તને મહિમા આપે.

(૭) રોકશો નહીં : ‘‘વળી મારા વિષે પૂછો તો, તમારે વાસ્તે પ્રાર્થના કરવાનું મૂકી દેવાનું પાપ યહોવાની વિરુદ્ધ હું કરું એમ ન થાઓ; પણ સારે તથા ખરે માર્ગે હું તમને કેળવીશ.’’ (૧ શમુએલ ૧૨ઃ૨૩) શમુએલની જેમ, આપણને પણ આ પ્રાર્થનાની સેવા કરવા માટે તેડવામાં આવેલ છે. ઈશ્વર આપણને વિશ્વાસુ રહેવા મદદ કરે.

(૮) ભાવિને પ્રભાવિત કરો : ‘‘મારા પર જેઓ પ્રીતિ કરે છે અને મારી આજ્ઞાઓ પાળે છે તેઓની હજારો પેઢી પર દયા દર્શાવનાર છું.’’ (નિર્ગમન ૨૦ઃ૬) ઈશ્વર પ્રત્યેનો આપણો પ્રેમ તેની આજ્ઞાઓનું પાલન કરવાથી પ્રદર્શિત થાય છે. આવનારી પેઢી માટે આપણે આ શ્રેષ્ઠ બાબત કરી શકીએ છીએ.

(૯) પ્રેમ આવરી લે છે : ‘‘દ્વેષથી ટંટા ઊભા થાય છે; પણ પ્રીતિ સર્વ અપરાધોને ઢાંકી દે છે.’’ (નીતિ. ૧૦ઃ૧૨) આપણે જે રીતે બીજાઓ વિશે વાત કરીએ છીએ તે આપણા પોતાના હૃદયની સ્થિતિ દર્શાવે છે. ચાલો આપણે એકબીજા વિશે સારું બોલીએ અને નકારાત્મક ગપસપથી દૂર રહીએ.

(૧૦) કૃપાદાનો : “દરેકને જે કૃપાદાન મળ્યું તે એકબીજાની સેવા કરવામાં દેવની અનેક પ્રકારની કૃપાના સારા કારભારીઓ તરીકે વાપરવું.” (૧ પિતર ૪:૧૦) ખ્રિસ્તીઓ તરીકે આપણે સમજીએ છીએ કે કંઈપણ આપણું નથી. આપણે તેનો આનંદ માણવો જોઈએ. તેનાથી અન્યની સેવા કરવી જોઈએ અને તેના માટે પ્રભુનો આભાર માનવો જોઈએ.

(૧૧) વિશ્વાસુપણું : “તારો ઝરો આશીર્વાદ પામો અને તારી જુવાનીની પત્નીમાં આનંદ માન.” (નીતિ. ૫:૧૮) ઈશ્વર લગ્નજીવનમાં વિશ્વાસુપણાને આશીર્વાદ આપે છે. જીવનસાથીઓ એકબીજામાં પ્રોત્સાહિત અને આનંદ કરી શકે છે. અવિશ્વાસથી ઘણી પીડા અને વેદના થાય છે જેમાંથી ઈશ્વર આપણને બચાવવા માંગે છે.

(૧૨) ઉત્તેજન : વિશ્વના વિવિધ ભાગોના સમાચારો ઘણીવાર ચિંતા અને તકલીફનું કારણ બની શકે છે, પણ ઈશ્વરનો આભાર કે તે નિયંત્રણમાં છે. ભલે આપણી આસપાસ ગમે તે થાય અને પ્રાર્થના કરો કે ઈશ્વર તમને તમારા સાથી વિશ્વાસીઓને તેમના મહિમા પ્રગટ કરાવવા દરેક તકનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે. (માથ્થી ૨૮:૧૮)

(૧૩) પ્રેમ : ખ્રિસ્તના અનુયાયીઓ એકબીજાને પ્રેમ અને કાળજી દર્શાવે છે. તેના કારણે અસંખ્ય લોકો ખ્રિસ્તને તેમના તારણહાર તરીકે સ્વીકારે છે. પ્રાર્થના કરો કે તમારું જીવન ઈસુના પ્રેમ વિશે મોટેથી બોલે. (રોમન ૧૨:૧૦)

(૧૪) પ્રતિબિંબિત : જેમ ચંદ્ર સૂર્યપ્રકાશને પ્રતિબિંબિત કરે છે, તેમ તમે ઈશ્વરના પ્રેમને પ્રતિબિંબિત કરી શકો છો કે તે અન્ય લોકો માટે દૃશ્યમાન બને. પ્રાર્થના કરો કે તમે ઈશ્વરના પ્રેમ અને કરુણાને અન્ય લોકો માટે પ્રતિબિંબિત કરો. જેથી તમે તમારા દ્વારા ઈશ્વરને કામ કરતા જોઈ શકો. (માથ્થી ૫:૧૬)

(૧૫) સંગત : જ્યારે આપણે એકલા હોઈએ અને અન્ય સાથી વિશ્વાસીઓ સાથે સંપર્ક વિના હોઈએ ત્યારે ખ્રિસ્તી તરીકે જીવવું સરળ નથી. પ્રાર્થના કરો કે ઈશ્વર તમારો ઉપયોગ અન્ય વિશ્વાસીઓને ઈશ્વર વિશેના જ્ઞાન અને તેમના વચન પ્રત્યેના પ્રેમમાં વૃદ્ધિ કરવામાં મદદ કરવા માટે કરે. (ગલાતી ૬:૨)

(૧૬) નમૂનો : અન્ય લોકોનું નેતૃત્વ કરવા અને સશક્તિકરણ કરવા વિશે વધુ ઈરાદાપૂર્વક બનવાની દૃષ્ટિ કરવા માટે એક ઉત્તમ નમૂનારૂપ જીવનને માટે પ્રાર્થના કરો. તમે પણ વિશ્વાસીઓ માટે એક નમૂનારૂપ જીવન જીવી શકો છો. (૧ તિમોથી ૪:૧૨)

(૧૭) સદ્‌ગુણો : નમ્રતા અને વિશ્વાસુપણું એ માનનીય ગુણો છે. પુરુષોને નમ્રતા અને સુસંગતતા સાથે દોરવામાં મદદ કરવા માટે ઈશ્વરને જણાવો. જો તમારે પ્રેમમાં કોઈને સહન કરવું પડે તો પણ ઈશ્વર તમને મદદ કરવા સક્ષમ છે. (એફેસી ૪:૨)

(૧૮) હિંમત : ઈશ્વરીય નેતૃત્વ માટે હિંમતની જરૂર છે. પુરુષો માટે પ્રાર્થના કરો કે તેઓ તેમની હિંમત ઈશ્વરમાં શોધે. જ્યારે તે તેડે છે, ત્યારે તમે બીક વગર અનુસરી શકો. (યહોશુઆ ૧:૯)

(૧૯) નેતૃત્વ : પુરુષોના તેમના નેતૃત્વ વિશે, કબુલાત વિશે અને ક્ષમા વિશે પ્રામાણિક બને તે માટે પ્રાર્થના કરો. જેથી તેઓ ઘર અને કાર્યસ્થળમાં ઈશ્વરીય નેતૃત્વમાં જીવવાનું શરૂ કરે. (યાકૂબ ૫:૧૬)

(૨૦) આદર્શ : “જેમ હું ખ્રિસ્તને અનુસરનારો છું, તેમ તમે મને અનુસરનારા થાઓ.” (૧ કરિંથી ૧૧:૧) પુરુષો માટે પ્રાર્થના કરો કે તેઓ ઈશ્વરીય અનુસરનારા અને માર્ગદર્શકો પસંદ કરે જે તેમને તેમની નેતૃત્વની ભૂમિકામાં પ્રોત્સાહિત કરી શકે.

(૨૧) આત્મનિરીક્ષણ : “પણ દરેક માણસે પોતાની રહેણીકરણી તપાસી જોવી અને ત્યારે તેને કોઈ બીજા વિશે નહિ, પણ કેવળ પોતાને વિશે અભિમાન કરવાનું કારણ મળશે. કેમકે દરેક માણસને પોતાનો બોજો ઉંચકવો પડશે.” (ગલાતી ૬:૪,૫) સાવચેત અને જવાબદાર બનો. તમારા હેતુઓ તપાસો. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે થવા માટે પ્રાર્થના કરો, જે બધી બાબતોનો ન્યાય કરશે.

(૨૨) ઈશ્વરમાં આશા : “આ સમયના ધનવાનોને તું આગ્રહપૂર્વક કહે કે, તેઓ અહંકાર ન કરે અને દ્રવ્યની અસ્થિરતા પર નહિ, પણ જે દેવ આપણા ઉપભોગને સારુ ઉદારતાથી સર્વ આપે છે તેના પર આશા રાખે.” (૧ તિમોથી ૬:૧૭) માનવ હૃદય કપટી છે અને અહીં અને અત્યારે જે પ્રાપ્ય છે તેની સાથે સરળતાથી જોડાઈ જાય છે. સમજદારી અને અતૂટ વિશ્વાસ માટે પ્રાર્થના કરો.

(૨૩) માફી : “અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે, તેમ તું અમારા ઋણો અમને માફ કર.” (માથ્થી ૬:૧૨) ઈશ્વરની અદ્‌ભુત સ્વતંત્રતા અને માફી માટેની શરત એ છે કે જેણે આપણને નુકસાન પહોંચાડ્યુ હોય તેમને માફ કરવાની આપણી તૈયારી. ક્ષમામાં વિલંબ કરશો નહિ. તે માત્ર કડવાશ અને ભાવનાત્મક અને માનસિક તકલીફ તરફ દોરી જાય છે. ઈસુએ શીખવેલી પ્રાર્થના દરરોજ હૃદયથી કરો.

(૨૪) ભેદભાવ : “માટે હવે યહૂદી કે ગ્રીક કોઈ નથી, દાસ કે સ્વતંત્ર, પુરુષ કે સ્ત્રી નથી, કેમકે તમે બધા ખ્રિસ્તમાં એક છો.” (ગલાતી ૩:૨૮) ભેદભાવથી મુક્ત થવા માટે પ્રાર્થના કરો જે તમને તમારા પોતાના સાંસ્કૃતિક અનુભવ અને સામાજીક સ્થિતિથી અલગ હોય તેવા લોકોનું ઓછું મૂલ્ય આંકે છે. ખ્રિસ્તનો પ્રેમ તમારા દ્વારા બીજાઓને સ્વીકારવા માંગે છે.

(૨૫) કૃપા : “કેમકે તમે આપણા ઈસુ ખ્રિસ્તની કૃપા જાણો છો કે તે ધનવાન છતાં તમારે લીધે દરિદ્રી થયો, એ માટે તમે તેની દરિદ્રતાથી ધનવાન થાઓ.” (૨ કરિંથી ૮:૯) ઈશ્વરની કૃપા અદ્‌ભુત અને આપણી સમજની બહાર છે. તેમની પાસે તમારા માટે જે અજોડ સંપતિ છે તેના માટે તેમની આભારસ્તુતિ કરો.

(૨૬) દષ્ટિકોણ : “કેમકે મારું હૃદય વ્યાકુળ થયું, દુઃખી અને મારું અંતઃકરણ દાઝ્યું. હું એવો જડબુદ્ધિનો તથા અજ્ઞાન હતો કે, હું તારી આગળ પશુ જેવો જ હતો.” (ગી.શા. ૭૩:૨૧-૨૨) અન્યાય અને દુષ્ટતાની સફળતા વચ્ચે દષ્ટિકોણ ગુમાવવો સરળ છે. જો ખરાબ લોકો અને સંજોગો તમારા હૃદયને ઠેસ પહોંચાડે છે તો તમારું ધ્યાન અને દષ્ટિકોણ બદલો. ઈશ્વર હજુ પણ રાજ કરે છે.

(૨૭) અનિશ્ચિતતા : “તે માટે આવતીકાલને સારું ચિંતા ન કરો, કેમકે આવતીકાલ પોતાની વાતોની ચિંતા કરશે; દહાડાને સારું તે દહાડાનું દુઃખ બસ છે.” (માથ્થી ૬:૩૪) પુરુષો તરીકે આપણે નિયંત્રણમાં રહેવાનું પસંદ કરીએ છીએ. મુશ્કેલ લોકો અને સંજોગો આપણને પડકારે છે, પરંતુ જીવન અનિશ્ચિત છે. હંમેશા પ્રભુમાં ભરોસો રાખવા તૈયાર રહો. આવતીકાલે તમને જે ભાવનાત્મક સામર્થ્યની જરૂર છે તે આજે વાપરવાનું ટાળો.

(૨૮) સુવાર્તા : “કેમકે સુવાર્તા વિશે મને શરમ લાગતી નથી; કારણ કે દરેક વિશ્વાસ કરનારને તે દેવનું તારણ પમાડનારું પરાક્રમ છે.” (રોમન ૧:૧૬) આપણે ચોક્કસપણે તે બધા માટે પ્રાર્થના કરવી જોઈએ. જેઓ સત્તામાં છે અને આપણા સમાજની સુખાકારીમાં યોગદાન આપે છે, પણ આપણે તેનાથી પણ વધુ સારું કરી શકીએ તે માટે ઈસુ ખ્રિસ્તના સાક્ષી બનવા માટે પ્રાર્થના કરીએ.

(૨૯) સંયમ : “પણ હું તમને કહું છું કે, સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં જ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે.” (માથ્થી ૫:૨૮) મનોવિજ્ઞાન પુરુષોની માનસિકતાનો અભ્યાસ કરે છે અને પોર્નોગ્રાફી વેચે છે. તમારે ભોગ બનવું જોઈએ નહીં. સંયમ માટે પ્રાર્થના કરો. તમારી દષ્ટિ વિશે સાવધાન રહો અને તમારા સમગ્ર જીવન દ્વારા ઈશ્વરનું સન્માન કરો.

(૩૦) દરેક માણસ યોદ્ધા છે : “શેતાનની કુયુક્તિઓની સામે તમે દઢ રહી શકો માટે દેવનાં સર્વ હથિયારો સજો.” (એફેસી ૬:૧૧) જીવન એ બગીચામાં ચાલવા જેવું નથી. આપણે ભલા અને ભૂંડા વચ્ચેના યુદ્ધની મધ્યમાં છીએ. આત્મિક યુદ્ધ માટે તૈયાર રહો.

(૩૧) સઘળું : “જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું.” (ફિલીપી ૪:૧૩) પુરુષો તરીકે આપણે સ્પર્ધાત્મક છીએ અને પોતાની રીતે દરેક બાબતો કરવાનું પસંદ કરીએ છીએ. ખ્રિસ્તી જીવન અલગ છે. તે ખ્રિસ્તનું જીવન છે. આપણે તેને આપણી પોતાની રીતે જીવી શકતા નથી. તમારી ઈચ્છા ખ્રિસ્તને સમર્પિત કરવા માટે તૈયાર રહો અને દરેક બાબતમાં ઈશ્વરની ઉપસ્થિતિ તમારા જીવનમાં રહે તે માટે ઈશ્વરને પ્રાર્થના કરો.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program : Gujarat First Channel, Time : 06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**